EDII

Sandesh (Citylife)

December 28, 2019
Pg.No.1

Education Talk

**આફ્રિકાના દેશોમાં ઇડીસી સ્થાપિત કરવા ભારત સરકારે નોડલ સંસ્થા તરીકે ઇડીઆઇઆઇને બનાવી છે**

# EDIIએ રવાન્ડાનાં વ્યાવસાયિકોમાં ક્ષમતા નિર્માણ માટે નિર્માણ માટે તાલીમ કાર્યક્રમ હાથ ધર્યો

ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંસાધન સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ રવાન્ડાનાં વ્યવસાયિકો માટે ક્ષમતા નિર્માણનો એક તાલીમ કાર્યક્રમ હાથ ધર્યો હતો. રવાન્ડામાં સ્થાપિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર માટે ટ્રેનર્સ તરીકે રવાન્ડામાંથી ૧૫ સહભાગીઓને તાલીમ આપવામાં આવી હતી. સંસ્થાના પ્રયાસોની પ્રશંસા કરીને ભારતમાં રવાન્ડાનાં રાજદૂત મહામહિમ અર્નેસ્ટ રવવામુક્યોએ જણાવ્યું હતું કે, આ તાલીમ ખરાં અર્થમાં ઉચિત સંસ્થાનો પાયો નાખશે અને વૃદ્ધિ માટે ઉપયોગી બનશે, જે રવાન્ડાની પ્રગતિ માટે કામ કરશે. તમે બધા પરિવર્તનનાં એજન્ટો છો અને જ્આરે રવાન્ડાનું અર્થતંત્ર વૃદ્ધિનાં માર્ગે અગ્રેસર છે, ત્યારે તમે મહત્વપૂર્ણભૂમિકા ભજવશે. રવાન્ડા વિઝન ૨૦-૫૦નો અમલ થઈ રહ્યો છે અને આ માટે સંસાધનોની જરૂર પડશે અને એ સ્પેસમાં તમે જરૂરી ભૂમિકા ભજવશો, કારણ કે તમે બધા નવા ઉદ્યોગસાહસનું સર્જન કરવા માટે કામ કરશો એટલે તમારી ભૂમિકા મહત્વપૂર્ણ છે અને હું તમને બધાને શુભેચ્છા પાઠવું છું.

ઈડીઆઈઆઈનાં ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે, આ કેન્દ્રની સ્થાપના ટૂંક સમયમાં રવાન્ડામાં પરિવર્તન જોવા મળશે. અતિ નાના, નાના અને મધ્યમ કક્ષાનાં ઉદ્યોગસાહસોની સ્થાપના થશે અને તેઓ વૃદ્ધિ કરશે, નવી વ્યાવસાયિક અને રોજગારીની તકો ઊભી થશે તેમજ નિષ્ક્રિય સંસાધનોનો ઉપયોગ થશે. આ પ્રક્રિયામાં તમે સુવિધાકારની ભૂમિકા ભજવશો એટલે પરિવર્તનનો પવન ફૂંકાવા સજ્જ થઈ જાવ. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ભારત અને પ્રજાસત્તાક રવાન્ડા વચ્ચે થયેલા એમઓયુ અંતર્ગત આફ્રિકાનાં દેશોમાં ઈડીસી સ્થાપિત કરવા માટે ભારત સરકારે નોડલ સંસ્થા ઈડીઆઈઆઈને બનાવી છે. આ કેન્દ્રનાં વિકાસ માટે રવાન્ડાએ નિયુક્ત સંસ્થા રવાન્ડા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટિવ્સ, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ માઈક્રોફાઈનાન્સને બનાવી છે.